વન સંરક્ષકની કચેરી
સામાજીક વનીકરણ વર્તુળ,રાજકોટ
બ્લોક નંબર ૫/૩,બહુમાળી ભવન,રેસકોર્ષ રોડ,રાજકોટ -૩૬૦૦૦૫
ફોન નંબર (૦૨૮૧)૨૪૫૭૩૧૦ ફેકસ નં.(૦૨૮૧)૨૪૭૬૫૫૨
Email: sfcirclerajkot@gmail.com

ક્રમાંક:-બ/જમન/ટે -૧૪/ ૭૫૦-૦૮ /૨૦૨૦-૨૧, તા. /૦૨/૨૦૨૩

Sub: Diversion of Forest land iand Tree Felling Proposal For Rehabilitation and Up gradation of Savarkundala-Amereli –Bagasara- Jetpur Section of N.H.-351 to Two/FourLanes with paved Shoulder Configuration in the stase of Gujarat. ( Pro.No.FP/GJ/ROAD/25954/2017) Hac.35.612

સંદર્ભ: નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, બોટાદની કચેરીના પત્રાંક: અ/જમન/ટે-૬/૧૯૬૨-૬૩/૨૦૨૨-૨૩/તા.૧૩/૦૨/૨૦૨૩.

નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનિકરણ વિભાગ, બોટાદને જણાવવાનું કે તેમના સંદર્ભ પત્રથી સાદર કરવામા આવેલ વિષય હેઠળની દરખાસ્તમાં નિચે જણાવેલ ક્ષતિઓ જણાઈ આવેલ હોય તેની પુર્તતા કરી દરખાસ્ત સત્વરે સાદર કરવા નોંધ લેવી.

(૧) દરખાસ્ત સાથે સામેલ વળતર વનીકરણ સ્કીમ બાબતે હે.૫૦.૦૦ ઉપરની વળતર વનીકરણ સ્કીમને સંબધીત વર્તુળ કચેરીના વડા દ્વારા વહીવટી/તાંત્રીક મંજૂરી આપવાની રહેતી હોય સક્ષમ સતાધિકારી દ્વારા વહિવટી/તાંત્રીક મંજૂરી આપવામાં આવેલ નથી જે મેળવી દરખાસ્ત સાદર કરવી.

(૨) ચેકલીસ્ટ-૧૮ ના રેટ એનાલીસીસ પત્રકનું હેડીંગ અન્ય ડીવીઝનની હે.૫.૯૭૪૪ નું છે. જેમા ઘટીત કાર્યવાહી હાથ ધરી દરખાસ્ત સાદર કરવી.

(૩) યુઝર એજન્સી દ્વારા ભરપાઈ કરેલ રજીસ્ટેશ ફી તથા પ્રોસેસીંગ ફી ના ચલણની નકલ સામેલ રાખવામાં આવેલ નથી.

આમ ઉપરોક્ત વિગતે ક્ષતિઓ બાબતે તેમના દ્વારા દરખાસ્તની ચકાસણી કર્યા સિવાય મંજૂરી અર્થે અત્રેને સાદર કરવામાં આવેલ છે. જે બાબત ગંભીર જણાતી હોય ભવિષ્યમાં આ બાબતનું પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખવા નોંધ લેવી તેમજ સદરહું દરખાસ્ત પુર્તતા અર્થે અસલમાં આ સાથે ચાર પ્રતમાં સામેલ રાખી પરત કરવામાં આવે છે. જે ધ્યાને લઈ આગળની ઘટીત કાર્યવાહી હાથ ધરી દરખાસ્તની સંપુર્ણ ચકાસણી કર્યા બાદ સત્વરે સાદર કરવા નોંધ લેવી.

સામેલ: ઉપર મુજબ

S. M. Shah
વન સંરક્ષક
o/c
સામાજીક વનીકરણ વર્તુળ,
રાજકોટ

પ્રતિ,
નાયબ વન સંરક્ષકશ્રી,
સામાજી વનીકરણ વિભાગ, બોટાદ

નકલ જય ભરત સહ રવાના: કાર્યપાલક ઈજનેરશ્રી, નેશનલ હાઈવે ડિવિઝન, હરીહર ચોક, ડો, રાજેન્દ્ર પ્રસાદ રોડ, રાજકોટ તરફ જાણ થવા સારૂ.

Scanned with CamScanner